

# મંત્રીશ્રીઓનું નિવેદન



કમલેશભાઈ બી. પટેલ
મંત્રી



વિષ્ણુભાઈ પી. પટેલ
મંત્રી



હસમુખભાઈ એ. પટેલ
મંત્રી

આદરણીય સૌ આપ્તજનો,

સાદર નમસ્કાર,

આપણા મંડળનો ઈતિહાસ ખૂબ જ અનેરો છે. ૧૯૬૭માં મંડળની સ્થાપના થયા પછી ઘણી તડકી-છાંયડી જોઈને મંડળે આજે અનેક શિખર સર કર્યા છે અને કરતું રહેશે. તેના આપણે સૌ યશભાગી છીએ. આપણું મંડળ એક કુટુંબ છે જે વટવૃક્ષની જેમ ફાલ્યું-ફૂલ્યું છે. વર્ષ દરમ્યાન અનેકવિધ પ્રવૃત્તિઓ આપણા મંડળ દ્વારા થાય છે તે વાતથી આ સૌ સુવિદિત છો.

સને-૧૯૬૭માં મંડળની સ્થાપના થયા બાદ વર્ષ-૨૦૦૩ સુધીમાં મંડળે સાત ડિરેક્ટરીઓ પ્રસિધ્ધ કરી. વર્ષ-૨૦૦૩માં ચાણસ્મા પ્રગતિ મંડળના ઉપક્રમે સૌ પ્રથમ વખત ચાણસ્મા ગામના ૨૩ જેટલા સંનિષ્ઠ મહાનુભાવોનો સન્માન કાર્યક્રમ જગન્નાથ મંદિરના મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયો એ પ્રસંગે **સ્મરણિકા તથા ડિરેક્ટરી વર્ષ-૨૦૦૩** પ્રસિધ્ધ કરવામાં આવી. ત્યારબાદ સૌ પ્રથમ વખત મંડળના સભાસદોના નામ-વિસ્તાર, ઘર અને નોકરી-ધંધાના ટેલીફોન નંબર અને બ્લડગ્રુપ સહિતની ખૂબ ઉપયોગી એવી નાની પોકેટ ડિરેક્ટરી-૨૦૦૪ પ્રસિધ્ધ કરવામાં આવી.

વર્ષ ૨૦૧૧માં લેટેસ્ટ-નમૂનેદાર, કલરમાં માત્ર સભ્યોનો જ ફોટો નહીં પરંતુ સભ્ય તથા તેના પરિવારની સાથે રહેતી તમામ વ્યક્તિઓના કલર ફોટાઓ અને વિગતો સાથેની સૌને ગમે તેવી નયનરમ્ય ડિરેક્ટરી-૨૦૧૧ આપશ્રીના કરકમળમાં મૂકતાં અમે અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. આ ડિરેક્ટરી તૈયાર કરવામાં નવયુવાન ઉત્સાહી પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈએ ખૂબ જ મહેનત અને માર્ગદર્શન પૂરું પાડેલ છે. તદ્ઉપરાંત મંડળના હોદ્દેદારશ્રીઓ તેમજ સમગ્ર કારોબારી સભ્યોએ ખૂબ જ રસ લઈ સહકાર આપ્યો છે. તે બદલ સૌનો ખૂબ ખૂબ આભાર.

આપણા મંડળની શરૂઆત સેવા-સહકાર, સંગઠન અને ભાતૃભાવની ભાવનાથી થયેલ છે. તે ભાવનાને જાળવી રાખીને મંડળને પ્રગતિશીલ અને ધમધમતું બનાવવામાં પૂર્વ પ્રમુખ શ્રી પી. પી. પટેલ તથા પૂ. પ્રમુખશ્રી નારણભાઈ લી. પટેલ, સલાહકાર સમિતિના અગ્રણી શ્રી મનુભાઈ ભગુભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી સ્વ. પ્રા. કેશવલલ આ. પટેલ અને સક્રિય કાર્યકર સ્વ. ઈશ્વરકાકા તેમજ અન્ય મહાનુભાવોનો તેમજ પૂર્વ મંત્રીશ્રીઓનો ખૂબ મોટો ફાળો છે. તે સર્વેનો અત્રે આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે.

આપણું મંડળ સ્નેહમિલન-ઉજાણી, તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રક તથા ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મનોરંજન પ્રોગ્રામો, વિવિધ મેડિકલ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ અને સન્માન સમારંભ જેવી અનેક પ્રવૃત્તિઓ આપ સૌના સહકારથી કરે છે. મંડળમાં ઉજાણી ફંડ અન શૈક્ષણિક ફંડ સારુ એવું એકત્ર થયું છે અને થઈ રહ્યું છે તે માટે દાતાશ્રીઓનો ખૂબ સારો સહકાર મળતો રહ્યો છે તે માટે તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

અંતમાં આ ડિરેક્ટરી તૈયાર કરવામાં ખાસ કરીને પૂર્વપ્રમુખ શ્રી સીતારામભાઈ તથા અન્ય જે સહુનો સહકાર મળ્યો છે. તેઓનો અને જાહેરાતો આપી-અપાવીને મંડળને આર્થિક મદદ કરી છે તેવા આપણા માનવંતા દાતશ્રીઓનો પણ અત્રે હૃદયપૂર્વક આભાર.